# ૧૨ હજાર કર્મચારીઓ ચૂંટણી સામગ્રી લઈને મતદાન મથકે પહોંચ્યા

## જિલ્લામાં આજે સ્થાનિક સ્વરાજ્યનો જંગ, ૧૭ લાખ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે : સંવેદનશીલ, અતિસંવેદનશીલ મતદાન મથકો ઉપર અભેધ સુરક્ષા, સમી સાંજે સુરક્ષા સાથે ઈ.વી.એમ. મશીન સ્ટ્રોંગરૂમ જશે

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૭

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા પંચાયત, ૧૪ તાલુકા પંચાયત, હિંમતનગર, મોડાસા, બાયડ, વડાલી નગરપાલિકા સામાન્ય અને તલોદ પાલિકાની ૨ બેઠકની પેટાચૂંટણી માટેનો જંગ રવિવારે યોજાશે. જિલ્લાના ૨૩૫૯ મતદાન મથકો ઉપર ૧૭,૧૮,૨૩૪ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. પોલીસ અને તંત્રને મળેલી અગાઉની જાણકારી અનુસાર સંવેદનશીલ, અતિસંવેદનશીલ મતદાન મથકો ઉપર એસ.આર.પી. બંદોબસ્તની સાથે અભેધ સુરક્ષા પ્રબંધ ઉભો કરાયો છે. ભાજપ-કોંગ્રેસ સહિત બળવાખોર જૂથના અનેક જિલ્લાના સ્થાનિક આગેવાનોના ભાવિ સાંજે ૬-૦૦ કલાકે ઈ.વી.એમ. મતપેટીમાં સીલ થઈ જશે. તા.૨ માર્ચ, મંગળવારે નિયત કરાયેલા ૧૬ સ્થળે મત ગણતરી શરૂ થશે અને બપોરના ૧૨-૦૦ કલાક સુધીમાં તમામ પરિણામ જાહેર થઈ શકે છે. કોંગ્રેસ માટે શાસન બચાવવાનું અને ભાજપ માટે ફતેહ મેળવવાનું માનસિક દબાણ ઉભું થયું છે. મતદાનની પૂર્વ સંધ્યાએ સમી સાંજથી ગામે ગામ અને શહેરી વિસ્તારોમાં દારૂની રેલમછેલ અને મત ખરીદવા માટે પૈસાની કોથળીયો ખુલ્લી મૂક્યાના આક્ષેપ થયા છે. પરંતુ આશ્ચર્ય વચ્ચે સ્ટેટેસ્ટીક ટીમો અને આચારસંહિતાનો અમલ કરાવતી ટીમોને કોઈ યોગ્ય પુરાવા હાથ લાગ્યા નથી. ૧૨ હજારથી વધુ કર્મચારીઓને ચૂંટણીની કામગીરીમાં મોકલવામાં આવ્યા છે જે શનિવારે સવારે સામગ્રી લઈને મતદાન મથકે પહોંચ્યા હતા.

જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ જાહેર થતાં કોરોના, મંદી, પૈસાની અછત સહિતના તમામ મુદ્દા સંપૂર્ણ ભૂલાયા. જ્યારે ચૂંટણી દરમ્યાન દારૂબંધીનો મુદ્દો પણ હોંશિયામાં ધકેલાયો. ખુદ ખાખી વર્દી દારૂનો વેપલો કરતી હોવાની ચોંકાવનારી વિગતે પોલીસને શરમજનક સ્થિતિમાં લાવી દીધી. આજે તા.૨૮ ફેબ્રુઆરીએ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના તમામ વિસ્તારોમાં સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગ માટે સવારે ૭-૦૦ કલાકથી મતદાન શરૂ થશે. સાંજે ૬-૦૦ કલાકે મતદાન પુરૂ કરવામાં આવશે. કોરોનાથી સંક્રમિત દર્દીઓને પાછલા ૧ કલાક દરમ્યાન મતદાન કરી શકે તે પ્રકારની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જિલ્લામાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બની જતાં મતદાનના બીજા દિવસ પછી સમગ્ર જિલ્લામાં કોરોના વિસ્ફોટ થાય તેવી દહેશત ખુદ આરોગ્ય વિભાગે વ્યક્ત કરી છે. પરંતુ અત્યારે ચૂંટણીના અતિરેકમાં દરેક બાબત ઉપર આંખ મિચામણાં થઈ રહ્યાં છે તેનાં ગંભીર પરિણામો ભોગવવાં પડશે.





### અરવલ્લી જિલ્લામાં ૫૭૭ ઉમેદવારોનાં ભાવિ ઈ.વી.એમ. મશીનમાં સીલ થશે

અરવલ્લી જિલ્લાની ૩૦ જિલ્લા પંચાયત, ૬ તાલુકા પંચાયત અને ૨ પાલિકાની સામાન્ય ચૂંટણીમાં ૫૭૭ ઉમેદવારોએ પોતાનું નસીબ અજમાવ્યું છે. આજે સવારે ૭-૦૦ કલાકથી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતના ૯૯૭ અને મોડાસા-બાયડ પાલિકાના ૮૩ મતદાન મથકો ઉપર અભેધ સુરક્ષા પ્રબંધ વચ્ચે મતદાન યોજાશે જેમાં ૮,૦૫,૩૨૯ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. બાયડમાં તમામ મતદાન સ્થળો અતિસંવેદનશીલ છે જેથી ઘર્ષણની સ્થિતિને પહોંચી વળવા માટે એસ.આર.પી. અને પોલીસને સ્ટેન્ડ-ટુ રહેવાની સૂચના આપવામાં આવી છે.

### ૧૨ હજાર કર્મચારીઓને ચૂંટણી કામગીરી માટે મોકલાયા, એસ.ટી. બસો દોડાવી

રવિવારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાવવાની છે જેમાં ૧૭ લાખથી વધુ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. દરેક મતદાન મથક ઉપર ૫ કર્મચારીઓના સ્ટાફની નિયુક્તિ કરવામાં આવી છે તે જોતાં બંન્ને જિલ્લામાં ચૂંટણીની કામગીરી માટે ૧૧,૭૯૫ કર્મચારીઓને નિયુક્ત કરી સવારે ઈ.વી.એમ. મશીન સહિતની સામગ્રી સાથે સ્ટાફને રેન્ડમલી જે સ્થળો આવ્યા તે સ્થળોએ પ્રિસાઈડીંગ-પોલીંગ ઓફીસર તરીકે રવાના કરવામાં આવ્યા હતા અનેક સ્ટાફને નિયત સ્થળે પહોંચ્યા પછી ભોજનની અવ્યવસ્થાઓ પણ સામે આવી છે.

# સટ્ટા બજાર ગરમ : બાયડ પાલિકામાં ભાજપને ૧૮ થી ૨૦ બેઠકોની ધારણા

## કોંગ્રેસના રકાસનું અનુમાન, તા.૨ માર્ચે મત ગણતરી

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૭

બાયડ પાલિકાની સામાન્ય ચૂંટણી માટે રવિવારે મતદાન યોજાવવાનું છે ત્યારે બાયડ પાલિકાના જંગમાં સટ્ટા બજાર ગરમાયું છે. ભાજપને ૧૮ થી ૨૦ બેઠકોની ધારણા વ્યક્ત થઈ છે. જ્યારે કોંગ્રેસને માંડ ૪ થી ૬ બેઠકો મળવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. બાયડ પાલિકાની કુલ-૨૪ બેઠકોમાંથી સત્તા માટે ૧૩ બેઠકો જરૂરી છે. આ સંજોગોમાં સટ્ટા બજારે ભાજપ છાવણીને ઘેલમાં લાવી દીધી છે.

સટોડીયાઓનું અનુમાન લગભગ સાચુ ઠરતું હોય છે. પરંતુ આ વખતે કોંગ્રેસ માટે સટોડીયાઓના સારા સમાચાર ન હોવાથી કોંગ્રેસના કેટલાક કાર્યકરો સટ્ટો રમનારાઓને મનોમન ભાંડતા હોય તેવું પણ બની શકે. બાયડ પાલિકાનો ચૂંટણી જંગ જાહેર થયો ત્યારથી બાયડ પાલિકામાં પ્રજાને હેરાન કરનારા સત્તાધિશોનાં મૂળીયાં ઉખડી જશે તે બાબત નિર્વિવાદ ચર્ચામાં હતી.

ઉમેદવારો જાહેર થયા, ચૂંટણી પ્રચાર શરૂ થયો અને પ્રચારના પડઘા શાંત રહ્યા ત્યાં સુધીમાં બાયડની સંયમી પ્રજાએ જે રીતે ભાજપ તરફી પોતાનો લગાવ વ્યક્ત કર્યો તે જોતાં કોંગ્રેસ છાવણી અંદરખાને સમસમી ગઈ છે પરંતુ હવે લાફો મારીને ગાલ રાતો રાખવા સિવાય કોઈ આર.ઓ. બચ્યો નથી. ગત રોજ ભાજપની વિશાળ પ્રચાર રેલી પછી ભાજપની બેઠકોમાં એકાએક વધારો થઈ ગયો છે. ભાજપને ૧૮ થી ૨૦ બેઠકો મળી શકે છે. કેટલાક વોર્ડમાં કોંગ્રેસનું ખાતું ખોલવાની સંભાવના પણ દેખાતી નથી. કોંગ્રેસ માટે પરિવારવાદ હારનું નિમિત્ત બનવાની સંભાવના છે.

# આજે બાયડ પાલિકાના ચૂંટણી જંગમાં ૭ હજાર મહિલા મતદારો નિર્ણાયક

## ભાજપ-કોંગ્રેસે મહિલા મતદારોને આકર્ષવા જોર લગાવ્યું, ૪૯ ઉમેદવારોનાં ભાવિ મતપેટીમાં સીલ થશે

જિલ્લાની રાજકીય પ્રયોગશાળા બાયડ પાલિકાની ચૂંટણી ઉપર જિલ્લા અને ગાંધીનગરના રાજકીય આગેવાનોની નજર ટેકવાઈ છે. રવિવારે બાયડ પાલિકાના ૧૮ મતદાન મથકો ઉપર ઈ.વી.એમ. મશીનથી મતદાન યોજાશે જેમાં ભાજપ-કોંગ્રેસ સહિત ૪૯ ઉમેદવારોના ભાવિ મતપેટીમાં સીલ થઈ જશે. બાયડ પાલિકાના ૧૪,૫૬૮ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. બાયડ પાલિકા વિસ્તારમાં યુવા મતદારો વધુ હોવાથી ભાજપમાં ખુશાલી જોવા મળી છે. જ્યારે કોંગ્રેસ માટે તો કારમી હાર કેવી રીતે ટાળવી તેના ઉપાય શોધવાના પ્રયાસ શરૂ થયા છે. બાયડ પાલિકાના જંગમાં ૭૦૯૪ મહિલા મતદારો નિર્ણાયક બની શકે છે આ સંજોગોમાં શનિવાર સમી સાંજથી ભાજપ-કોંગ્રેસે મહિલા મતદારોને આકર્ષવા તમામ જોર લગાવ્યું છે.

બાયડ પાલિકામાં કોનું શાસન..?? છેલ્લા ૧ મહિનાથી ચાલતી અટકળોનો અંત મંગળવાર બપોરે આવી શકે છે. ભાજપ-કોંગ્રેસે બાયડ પાલિકાના ૬ વોર્ડની ૨૪ બેઠકો ઉપર કબજો મેળવવા માટે દામ, શામ, દંડના પ્રયોગ કર્યા પરંતુ બાયડ પાલિકા વિસ્તારના શાણા મતદારોએ કોને મત આપવો છે તે અગાઉથી નક્કી કર્યું છે. પરંતુ વેપારીથી માંડી આમ આદમીને પરેશાન કરવામાં બાકી રાખ્યું નથી તેવા રાજકીય પક્ષોના ઉમેદવારોનાં મૂળીયાં ઉખડી જશે તે બાબત નિર્વિવાદ છે. શુક્રવારે ભાજપ-કોંગ્રેસે રેલીના સ્વરૂપમાં શક્તિપ્રદર્શન કર્યું જેમાં ભાજપની ચાર ગણી તાકાતથી કોંગ્રેસના અનેક આગેવાનોનાં જીતનાં મોતિયાં મરી ગયાં છે. જે રીતે બાયડ ગામ, સ્ટેશન અને તેના આસપાસના વિસ્તારોમાં ભાજપની રેલીને સમર્થન આપવા માટે ધોમધખતા તાપમાં પ્રજા ધાબા-અગાશી અને રોડ ઉપર આવી ગઈ તે તત્કાલિન શાસકો સામેના આક્રોશ રૂપે લોકો જોઈ રહ્યા છે.



### બાયડ પાલિકાનો ચૂંટણી જંગ..

કુલ વોર્ડ : ૬
બેઠક : ૨૪
ચૂંટણીમાં ઉમેદવારો : ૪૯
કુલ મતદાન મથક : ૧૮
કુલ મતદારો : ૧૪,૫૬૮
પુરૂષ મતદારો : ૭૪૭૪
સ્ત્રી મતદારો : ૭૦૯૪

### હજારો મતદારોની મીટ : બાયડ પાલિકામાં પરિવારવાદ ખતમ થશે..??

બાયડ : બાયડ પાલિકામાં ભાજપ-કોંગ્રેસે ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા પછી કોંગ્રેસમાં જગજાહેર પરિવારવાદ જોવા મળ્યો. ત્યારે બાયડ પાલિકાના શાણા મતદારો અને વેપારીઓએ પરિવારવાદની રાજનીતિમાંથી બાયડને સંપૂર્ણ મુક્ત કરવાનો નિશ્ચય કર્યો હોય તેવી રાજકીય હવા એક પખવાડીયાથી જોવા મળી છે. ત્યારે ભાજપના યુવા આગેવાનોની સામે કોંગ્રેસ પાસે અનુભવીઓનું જુથબળ છે આ સંજોગોમાં શું પરિણામ આવશે..?? તેના ઉપર આજ સમી સાંજથી મતદારોની નજર ટેકવાઈ જશે. અનેક બુઝર્ગ મતદારોએ અગાઉ પણ જણાવ્યું છે કે બાયડ પાલિકામાં સત્તા પરીવર્તન નિશ્ચિત છે.



**ધનસુરામાં મતદાન માટે મતદાન મથકોમાં તૈયારીઓ કરાઈ**

આજે સ્થાનિક સ્વરાજ ની ચૂંટણી ને લઈ ને ધનસુરા તંત્ર ધ્વારા આખરી ઓપ અપાયો હતો પોલિંગ સ્ટાફ મતદાન મથકોએ પહોચ્યો હતો અને મતદાન કુટિર,ટેબલ,ઈવીએમ નું ચેકિંગ સહિતની તૈયારીઓ કરાઈ હતી સાથે સરકારની ગાઈડ લાઈન મુજબ માસ્ક સોશિયલ ડિસ્ટન્સ સહિત ની બાબતોની પણ તૈયારી કરાઈ હતી ધનસુરામાં જિલ્લા પંચાયતોની ૪ સીટો અને તાલુકા પંચાયતની ૧૮ સીટો માટે ચૂંટણી યોજાશે.ધનસુરા તાલુકામાં ૧૧૩ મતદાન મથકો પર મતદાન યોજાશે.

### પ્રાંતિજ પોલીસે વાધપુર ગામેથી દેશી દારૂ સાથે એક ઈસમને ઝડપ્યો

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકા ના વાધપુર ગામેથી પ્રાંતિજ પોલીસે ચાર લિટર દારૂ સાથે એક ઈસમ ને ઝડપી પાડયો હતો અને તેની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વાધપુર ગામમાં પ્રવેશ કરતા ખાનગી રાહે બાતમી મળી હતી કે વાધપુર ખાતે આવેલ ઘર ની આગળ ખુલ્લી જગ્યામા એક ઈસમ દ્વારા દેશી દારૂ નું વેચાણ થતું હોવાની બાતમી મળતા પ્રાંતિજ પોલીસ દ્વારા વાધપુર ગામે બાતમી મળેલ જગ્યાએ જઈને તપાસ કરતાં વાધપુર ગામમાં રહેતા કચરસિંહ માનસિંહ રાઠોડ ઉ.વર્ષ-૩૨ રહે.વાધપુર તા.પ્રાંતિજ જી .સાબરકાંઠા દ્વારા પોતાના ઘર ની આગળ ખુલ્લી જગ્યા મા નીચે બેસીને દેશી દારૂ નું વેચાણ કરતા હોય તેમણી પાસે થી પ્લાસ્ટિક ના કેનમાં વગર પાસ પરમીટ વગર દેશી દારૂ ચાર લિટર જેની કિંમત રૂપિયા-૮૦ જે વેચાણ કરવા માટે બેઠેલ હોય પોલીસ રેઈડ દરમ્યાન મળી આવતા પ્રાંતિજ પોલીસે આઈપીસી કલમ-૬૫ એ-એ મુજબ ગુનોનોધી અટકાયત કરી તેની સામે કાયદેસર ની કાર્યવાહી હાથધરી હતી.

# જિલ્લામાં ૧ લી માર્ચથી રાસાયણિક ખાતરમાં ભાવ વધારો અમલી

## ખેડૂતોને દાઝ્યા ઉપર ડામ જેવી સ્થિતિ, ઉનાળુ ખેતી પૂર્વે ખાતર મોંઘુ

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૭

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પાક ઉપજના પોષણક્ષમ ભાવો ન મળવાથી ખેડૂતો દુ:ખી..દુ:ખી બન્યા છે ત્યાં સરકારે ખાતરના ભાવમાં ઓચિંતો વધારો કરતાં બંન્ને જિલ્લામાં ૧ માર્ચથી રાસાયણિક ખાતરના ભાવમાં વધારો અમલી બનવાનો હોવાથી ખેતી વધુ મોંઘી બનવાના અણસાર છે. ખેડૂતોને દાઝ્યા ઉપર ડામ આપવામાં આવ્યો હોય તેવી સ્થિતિથી ખેડૂતો સમસમી ઉઠ્યા છે. સરકારે એન.પી.કે., એ.એસ.પી. અને ડી.એ.પી. સહિતના ખાતરના ભાવમાં વધારો જાહેર કર્યો છે જેના કારણે જિલ્લાના ખેડૂતોને વધુ એક મોંઘવારીનો માર પડશે તે નક્કી છે.

વર્તમાન રવી સીઝનમાં ખેડૂતોએ સારા પાક ઉત્પાદનની આશાઓ રાખી હતી પરંતુ વિષમ હવામાનની સ્થિતિ ઉપરાંત એક પછી એક માવઠાંનો કહેર વરસ્યો હતો જેના કારણે પાક ઉત્પાદનમાં ખેડૂતોને ઘાટો આવી શકે છે. બંન્ને જિલ્લામાં રવી સીઝનનું વાવેતર પૂર્ણ થયા પછી હવે ખેતરોમાં પાક તૈયાર થઈ ગયો છે પરંતુ ચૂંટણીઓના કારણે કાપણીનું કામ ઘોંચમાં પડ્યું છે. કેટલાક ખેડૂતોએ અપના હાથ જગન્નાથ માની ઘઉં તેમજ બટાકાના વાવેતર કરેલા ખેતરોમાંથી પાક કઢાવી આગામી ઉનાળુ ખેતી માટે ખેતરોમાં તૈયારીઓ આરંભી છે ત્યાં રાસાયણિક ખાતરના ભાવમાં અસહ્ય વધારો જાહેર કરાયો છે. સરકાર દ્વારા ખેતી ઉપયોગી રાસાયણિક ખાતરના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે જેના કારણે સરકાર સામે વધુ એક આંદોલન થવાની દહેશત છે. સરકારે એન.પી.કે. ખાતરમાં ગુણ દીઠ રૂા.૧૧૭૫ ભાવના બદલે વધીને રૂા.૧૪૦૦, એ.એસ.પી. ખાતરમાં રૂા.૯૭૫ થી વધીને ભાવ રૂા.૧૧૫૦ તેમજ ડી.એ.પી. ખાતરમાં ૧૨૦૦નો ભાવ હતો તે વધી ને રૂા.૧૫૦૦ સુધી પહોંચી જતાં ખેડૂતોમાં ચણભણાટ શરૂ થયો છે. આગામી ઉનાળુ ખેતી શરૂ થાય તે અગાઉ સરકારે ઓચિંતા ખાતરના ભાવ વધારતાં વિપક્ષને ચૂંટણી સંપન્ન થાય તે પહેલાં મુદ્દો મળી ગયો છે. જિલ્લામાં ખેતીમાં વિષમ હવામાન તેમજ ભેલાણના કારણે ખેડૂતો અગાઉથી જ ત્રાહીમામ બન્યા છે ત્યાં હવે રાસાયણિક ખાતરના ભાવ વધારાથી ખેડૂતો વધુ દુઃખી બને તેવી સંભાવના છે.




# દેવદર્શનમાં તસ્કરે ધુમ્બો લગાવ્યો : શામળાજી મંદિરમાં મહિલાનું ૧૩ હજાર ભરેલું પાકીટ ચોરાયું

## દર પુનમે મંદિરના ગર્ભગૃહમાં તસ્કરોના ધામા : પોલીસ નિષ્ક્રિય

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૭

યાત્રાધામ શામળાજીમાં દર પુનમે મંદિરના ગર્ભગૃહમાં તસ્કરો ધામા નાખી દર્શનાર્થીઓનાં ખિસ્સાં તેમજ મહિલાઓના ગળામાંથી સોનાના દોરા તફડાવી રહ્યા છે. શનિવારે મહાસુદ-પુનમ હોવાથી શામળાજીમાં શ્રદ્ધાળુઓની ભીડનો ફાયદો ઉઠાવી તસ્કર રાજસ્થાનના શ્રદ્ધાળુ મહિલા રીના પંચાલનું રૂા.૧૩ હજારની રોકડ સાથેનું પર્સ ચોરી પલાયન થઈ જતાં હલચલ મચી હતી. અગાઉ પણ તસ્કરોએ ગર્ભગૃહમાં તસ્કરીના બનાવને અંજામ આપ્યો છે છતાં પોલીસ નિષ્ક્રિય બની રહેતાં વધુ ને વધુ શ્રદ્ધાળુઓ તસ્કરીનો ભોગ બની રહ્યા છે.

જિલ્લાના યાત્રાધામો સુરક્ષાની દ્રષ્ટીએ અસુરક્ષિત બનવા લાગ્યાં છે. તહેવારો તેમજ પુનમ સમયે દૂર દૂરથી આવતા દર્શનાર્થીઓનાં વાહનો ચોરાઈ જવાની ઘટનાઓ બાદ હવે મહિલાઓના ગળામાંથી સોનાના દોરા તેમજ પર્સની ચોરી થવાના બનાવ સામાન્ય બન્યા છે તેમાંય કાળીયા ઠાકરનું પ્રમુખ સ્થાન શામળાજી શ્રદ્ધાળુઓ માટે અસુરક્ષિત બન્યું છે. મંદિરમાં સી.સી.ટીવી કેમેરા ગોઠવાયા હોવા છતાં ચબરાક તસ્કરો ચોરીને અંજામ આપી રહ્યા છે.

તા.૨૭ ના રોજ પુનમ નિમિત્તે રાજસ્થાનના બાંસવાડાના પંચાલ પરિવારના કેટલાક સભ્યો દર્શન માટે આવ્યા હતા જેમાં રીનાબેન પંચાલ મંદિરના ગર્ભગૃહમાં દર્શન માટે ઉભાં હતાં જે સમયે તેમની નજર ચૂકવી કોઈ તસ્કર રોકડ રકમ, એ.ટી.એમ. કાર્ડ, ક્રેડીટ કાર્ડ સહિતના દસ્તાવેજો સાથેનું પાકીટ શિફતપૂર્વક આંચકી ફરાર થઈ ગયો હતો. મંદિરમાં ભીડ હોવાથી મહિલાનું પાકીટ ચોરાયું તે સમયે તાત્કાલિક ખ્યાલ આવ્યો ન હતો પરંતુ પાછળથી કોઈએ તસ્કરીને અંજામ આપ્યા બાદ મહિલાને પોતાનું પાકીટ ચોરાઈ ગયું હોવાનું જણાઈ આવતાં શામળાજી પોલીસને લેખિત જાણ કરી છે.

# જિલ્લામાં રસીકરણના રજીસ્ટ્રેશન મુદ્દે સિનિયર સિટીઝન અસમંજસમાં

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૭

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં હેલ્થ વર્કરો અને ળન્ટલાઈન કોરોના વોરિયર્સને કોરોના સામે રક્ષણ આપતી રસી મૂકવાની કામગીરી પૂર્ણ થયા પછી રાજ્ય સરકારના આદેશને પગલે હવે રસીકરણનો બીજો રાઉન્ડ ૧ માર્ચથી શરૂ થવાનો છે જેમાં ૫૦ વર્ષના બદલે ૬૦ વર્ષથી વધુ વયના નાગરિકોને કોરોના વિરોધી રસી મૂકવાનું આયોજન થઈ રહ્યું છે. બંન્ને જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના માહોલમાં પણ આરોગ્ય તંત્ર રસીકરણના આયોજનમાં વ્યસ્ત બન્યું છે. સરકારે રસીકરણ મુદ્દે કોવિડ-૨.૦ સોફટવેરમાં રજીસ્ટ્રેશન માટે સૂચના આપી છે જેના કારણે સીનીયર સીટીઝનોમાં અસમંજસની સ્થિતિ છે. આરોગ્ય વિભાગનું કહેવું છે કે રસીનો લાભ લેનાર ઘેર બેઠાં પણ રજીસ્ટ્રેશન કરાવી શકે છે પરંતુ ઓનલાઈન રજીસ્ટ્રેશનથી બેખબર વયોવૃદ્ધોને ક્યાં અને કેવી રીતે રજીસ્ટ્રેશન કરવું તેની સ્પષ્ટતાનો અભાવ છે.

જાણવા મળ્યા મુજબ અગાઉ સરકારે ૫૦ વર્ષથી વધુ વયના નાગરિકોને કોરોના સામે રક્ષણ આપતી રસી મૂકવાનો કાર્યક્રમ જાહેર કર્યો હતો જેથી બંન્ને જિલ્લામાં નાગરિકોને રસી મૂકવાની તૈયારી હાથ ધરવામાં આવી હતી પરંતુ હવે તેમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ૫૦ વર્ષના બદલે ૬૦ વર્ષથી વધુ વયના નાગરિકોને ૧ માર્ચથી જાહેરાત કરવામાં આવી છે જેના અનુસંધાને તાજેતરમાં રાજ્ય સરકારની આરોગ્ય વિભાગ સાથે વિડીયો કોન્ફરન્સ પણ યોજવામાં આવી હતી. સરકારના આરોગ્ય વિભાગે કોવિડ વિરોધી રસી મૂકાવવા માગતા સીનીયર સીટીઝનો માટે કોવિડ-૨.૦ સોફટવેર તૈયાર કર્યું છે જેમાં નાગરિકોએ રજીસ્ટ્રેશન કરાવવું પડશે અને તેઓ કયા આરોગ્ય કેન્દ્ર ઉપર રસી મૂકાવવા માગે છે તે સ્થળની માહિતી જણાવવી પડશે ત્યારબાદ આરોગ્ય વિભાગ તેને મેસેજ કરી ક્યારે રસી મૂકાવવા આવવું તેની જાણ કરશે.

### રસી સરકારીમાં ફ્રી અને ખાનગી હોસ્પિટલમાં રસી મૂકાવનારને ચાર્જ આપવો પડશે

જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા તા.૧ માર્ચથી ૬૦ થી વધુ વયના નાગરિકોને રસી આપવાની તૈયારીઓ પૂરજોશમાં શરૂ કરવામાં આવી છે. વિભાગ દ્વારા રસીકરણ માટેની સુવિધા સરકારી અને ખાનગી હોસ્પિટલમાં ગોઠવવામાં આવશે જેમાં સરકારી હોસ્પિટલમાં કોરોનાની રસી વિના મૂલ્યે આપવામાં આવશે. જ્યારે ખાનગી હોસ્પિટલમાં કોરોના વિરોધી રસી મૂકાવનારને રૂા.૧૦૦ ફિક્સ ચાર્જ અને હોસ્પિટલના સંચાલકો નક્કી કરે તે ચાર્જ અલગથી ચૂકવવાનો રહેશે.